કરનાર પૌષધાર્થીને બહુમાન કરી ઈનામ અપાતું હતું. આ ઉપરાંત સમય મળે ત્યારે બાળકો નવકાર, શાસનવંદના, શાસનગીત, અષ્ટપ્રકારી પૂજાના દુહા સંકલ્પ સાથે તથા નવ અંગી દુહાનું લેખન-કાર્ય કરતાં હતા. આ ઉપરંત 'પહેલા તમારો સ્વભાવ સુધારો' બુક ઉપર Open Book Exam પણ લેવામાં આવી હતી. પૌષધાર્થી બાળકો તથા છૂટા બાળકો માટે અલગ-અલગ પોઈન્ટ સીસ્ટમ પણ રાખવામાં આવી હતી. જેમાં આઠ દિવસ મૌન, આઠ દિવસ ચંપલ ત્યાગ, અડધી ડોલ થી વધુ પાણીથી નહીં નાહવું, લાઈટ-પંખાનો આઠ દિવસ ત્યાગ, આઠ દિવસ થાળી ધોવી-લૂછવી, આઠ દિવસ રમત-ગમતનો ત્યાગ, મારામારી-દોડોદોડી નહીં કરવી, લીલોતરીને નહીં અડવું, બધી વિધિ ઊભા ઊભા કરવી, કોઈને ચીડવવું નહીં વિગેરેનો સમાવેશ થતો હતો.

પર્યુષણ દરમિયાન અલગ-અલગ બોલીઓમાં બાળકો તથા તપોવન પરિવારે ઉલ્લાસપૂર્વક લાભ લીધો હતો. કલ્પસૂત્ર, પ્રભુ જન્મવાંચન, બારસાસૂત્ર વિગેરે માટે બાળકોએ મનના ભાવો જોડીને વાતાવરણ ઉલ્લાસમય-ભક્તિમય બનાવ્યું હતું. પ્રભુજીના નિશાળગમનના પ્રસંગ નિમિત્તે વર્ષિલ રાકેશભાઈ મહેતા-ભૂ.પૂ. તપોવની તરફથી બાળકોને નોટ-પેનની પ્રભાવના કરાઈ હતી. સંવત્સરીના દિવસે ચૈત્ય પરીપાટી કર્તવ્ય બજાવવારૂપ તપોવનના બંને દેરાસરે પૂજાની સામગ્રીનો થાળ રાખીને બાળકોએ કર્તવ્ય પૂર્ણ કર્યું હતું. મુખ્ય ચાર પરમાત્માને પર્યુષણના આઠે આઠ દિવસ તપોવની બાળકો તરફથી નિત્ય નવી, મનમોહક, ભવ્ય અંગરચના શ્રી જ્યોત્સનાબેનના માર્ગદર્શન હેઠળ પૂજારીશ્રીએ કરી હતી.

સંવત્સરીના દિવસે સમગ્ર વર્ષના બધા પાપોનું પ્રાયશ્ચિત કરવારૂપ સંવત્સરી પ્રતિક્રમણ કરી. સૌને ભાવપૂર્વક મિચ્છામી દુક્કડમ્ પાઠવી સૌએ પોતાના આત્માને શુદ્ધ બનાવ્યો હતો.

બાળકોની રસોઈમાં સ્વાદ-સ્વાસ્થ્ય તથા જયણાં પર વિશેષ ધ્યાન આપી એકાસણાં-બિયાસણાંમાં બાળકોને ક્યાય તકલીફ ન પડે તેની કાળજી ભોજનશાળા વિભાગમાં શ્રી ભરતભાઈ, શ્રી રાહીભાઈ તથા શ્રી પૂજાબેનના માર્ગદર્શન હેઠળ ભોજનશાળા વિભાગે સુંદર રીતે રાખી હતી. સંસ્થાના મેનેજરશ્રી ગંગાધરજી પાન્ડેસાહેબે સમગ્ર પર્યુષણ દરમિયાન સુંદર સહકાર પૂરો પાડયો હતો. શ્રી હર્ષદભાઈ, શ્રી અશ્વિનભાઈ, શ્રી સતીષભાઈ તથા શ્રી વિપુલભાઈએ પૌષધાર્થીઓને સહાયક થવા તરીકે અનુમોદનીય કામગીરી બજાવી હતી. જ્ઞાનમંદિર, બંને દેરાસર તથા ગુરુકુળમાં ડેકોરેશન કરવાનું કામ શ્રી જ્યોત્સનાબેનના માર્ગદર્શન હેઠળ બાળકોએ સુંદર રીતે સંભાળ્યું હતું.

લગભગ ૪૦ બાળકોએ અઠ્ઠાઈ તથા અઠ્ઠાઈ થી ઉપરની તપસ્યાઓ કરી હતી, તથા ૧૦૯ જેટલા બાળકોએ ચોસઠ પ્રહરી પૌષધ તપ કર્યો હતો. આ બધા તપસ્વીરત્નોને પારણાંના દિવસે વાજતે-ગાજતે મોટા દેરાસર ત્યાં ચૈત્યવંદન કરી ગુરુવંદન તથા પચ્ચક્ખાણ અર્થે જ્ઞાનમંદિર લઈ જવાયા હતા. દરેક



તપસ્વીનું દૂધથી-પાણીથી પગ ધોઈ તથા તિલક કરી બહુમાન કરાયું હતું. ત્યારબાદ ધામધૂમથી ઠાઠપૂર્વક તપસ્વીઓનાં પારણાં થયા હતા.

■ દૂધથી પગ ધોવાનો લાભ : સીસોદીયા દિપ રાજેશભાઈ - Std.8th

■ પાણીથી પગ ધોવાનો લાભ : હરણીયા કપીશ પ્રજ્ઞેશભાઈ - Std.7th

■ તિલકથી બહુમાનનો લાભ : શાહ તક્ષીલ હિરેનભાઈ - Std.8th

પૂ. ગુરુમાની અસીમ કૃપા, પૂ. ગુરુજીના આશીર્વાદ તથા તપોવન પરીવારના અદમ્ય ઉત્સાહને કારણે પર્વાધીરાજ પર્યુષણની આરાધના સૌના આત્માનો ઉદ્ધાર કરનાર બની રહી. આ સમગ્ર પર્યુષણની આરાધનાનો લાભ મનોજભાઈ મોતીલાલ ગડા તથા પ્રફુલભાઈ મોતીલાલ ગડા પરીવારે લીધો હતો.

## ❊ તપસ્યા કરનાર તપોવની રત્નો ❊
## (ચૌસઠ પ્રહરી + અઠ્ઠાઈ)

| No. | C.C.No | Name |
|---|---|---|
| 1 | K12 | Jain Ronak Navinbhai |
| 2 | K30 | Shah Prit kiritbhai |
| 3 | K40 | Jain Vaibhav Rameshbhai |
| 4 | K69 | Pagariya Mayank Anilbhai |
| 5 | J25 | Satra Poojan Nareshbhai |
| 6 | II65 | Chandrawat Darshan Rajeshbhai |
| 7 | II79 | Sisodiya Deep Rajeshbhai |
| 8 | GG-61 | Jain Mayur Prakashbhai |
| 9 | GG-94 | lukkad Sanmay Manojbnhai |
| 10 | GG99 | Kochar Bhavya Yogeshbhai |
| 11 | II61 | Nagda kunj Nipulbhai |


Jain Ronak Navinbhai


Shah Prit Kiritbhai


Jain Vaibhav Rameshbhai


Pagariya Mayank Anilbhai


Satra Poojan Nareshbhai


Chandrawat Darshan Rajeshbhai


Sisodiya Deep Rajeshbhai


Jain Mayur Prakashbhai


Lukkad Sanmay Manojbnhai